MyCARE

મારી સાથે, ડગલે ને પગલે




"ચાલો જાણીએ એવી
વ્યક્તિઓ વિશે જેઓને છે
**ટાઇપ 1 ડાયાબિટીસ**"

USV


જ્યારે તમે ભોજન કરો છો
ત્યારે એમાં રહેલ કાર્બોહાઇડ્રેટનું
ગ્લુકોઝમાં પરિવર્તન થાય છે અને પછી એ
**રક્તપ્રવાહમાં જઇને મળે છે**




જ્યારે તમારી બ્લડ શુગરના સ્તરમાં
વધારો થાય છે
ત્યારે **પેનક્રીઆસ ઇન્સ્યુલિન**
**નામનું હૉર્મોન રિલીઝ કરે છે.**



ઇન્સ્યુલિન શુગર (ગ્લુકૉઝ)ને **રક્તપ્રવાહમાંથી શરીરના કોષોમાં** વહન કરવામાં મદદ કરે છે, જ્યાં ગ્લુકૉઝનો ઊર્જા માટે ઉપયોગ થાય છે.



**ટાઈપ 1 ડાયાબિટીસ**માં ઑટોઈમ્યુન રિઍક્શનને કારણે **શરીરની રોગ પ્રતિકારક પ્રણાલી ઇન્સ્યુલિનનું ઉત્પાદન કરતા પોતાનાં જ કોષો પર હુમલો કરે છે. શરીર ખૂબ જ ઓછું ઇન્સ્યુલિન નિર્માણ કરે છે** અથવા બિલકુલ નથી કરતું, જેથી રક્તપ્રવાહમાં ખૂબ જ શુગર રહી જાય છે.




**ટાઈપ 1 ડાયાબિટીસ** અગાઉ **ઇન્સ્યુલિન–ડીપેન્ડન્ટ** અથવા **જુવેનાઈલ ડાયાબિટીસ** તરીકે જાણીતું હતું કારણ કે એનું બાળપણમાં, કિશોરઅવસ્થામાં અથવા પુખ્ત વયના યુવાનોમાં નિદાન થતું હતું, આમ છતાં, એ કોઇ પણ ઉંમરમાં થઇ શકે છે.

આ જ કારણે ટાઈપ 1 ડાયાબિટીસ ધરાવતી વ્યક્તિને પોતાના બ્લડ શુગરના સ્તરને સામાન્ય રેન્જમાં રાખવા માટે **દરરોજ શરીરમાં બાહરથી ઇન્સ્યુલિન દાખલ કરવું પડે છે.**




**બાહ્ય ઇન્સ્યુલિન** થેરેપી
સરળ શબ્દોમાં જણાવીએ તો
શરીર જે સામાન્યપણે બનાવે છે એ
**ઇન્સ્યુલિનનો વિકલ્પ છે.**



## આજે અનેક પ્રકારનાં ઇન્સ્યુલિન ઉપલબ્ધ છે.

તમને જોઇતાં ઇન્સ્યુલિનના પ્રકાર અને ફ્રિક્વન્સીને તમારી જીવનશૈલી અને તમારા બ્લડ શુગરના સ્તરોને આધરે તમારા ડૉક્ટર નક્કી કરશે.



ફાસ્ટ ઍક્ટિંગ ઇન્ટરમીડિએટ લૉન્ગ ઍક્ટિંગ

ઉપરોક્ત તસવીર ફક્ત રજૂઆત અર્થે જ છે.



“યાદ રાખો, **ઈન્સ્યુલિન એક સલામત અને વિશ્વસનીય મિત્ર છે** જે તમને ખુશાલ, લાંબી અને તંદુરસ્ત આવરદા ભોગવવામાં મદદ કરશે.”



“ટાઈપ 1 ડાયાબિટીસ ધરાવનાર વ્યક્તિઓ માટે **ઈન્સ્યુલિન જીવનરક્ષક છે અને તમારી સારવાર કરનારા ડૉક્ટરને જણાવ્યા વગર તમારે ઈન્સ્યુલિનને કદાપિ બંધ ના કરવી જોઈએ.**”

# MyCARE

મારી સાથે, ડગલે ને પગલે

## સંદર્ભ


1. ડાયાબિટીસ શું છે. CDC (2021). 6 જુલાઇ 2022ના રોજ https://www.cdc.gov/diabetes/basics/diabetes.html#:~:text=Diabetes%20is%20a%20chronic%20(long,your%20pancreas%20to%20release%20Insulin પુનઃ પ્રાપ્ત.

2. ડાયાબિટીસ વિશે. ઇન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેશન (આઇડીએફ). https://www.idf.org/aboutdiabetes/type-1-diabetes.htmlમાંથી 7 જુલાઇ 2022ના રોજ પુનઃ પ્રાપ્ત.



**Disclaimer:**
"The guide/presentation/content/literature is for general information, guidance and educational purposes only and is not complete or exhaustive. The guide/ presentation/content/literature is not intended or implied to replace or substitute any current practice and or advice/guidance/diet provided by healthcare professionals. This guide/presentation/content/literature does not constitute any treatment/therapy/medication/diet/opinions for any patients who are on diabetes medication, the patients are required to prior consult their healthcare professional before acting on any change on treatment/therapy/ medication/diet and or opions. USV Private Limited makes no representations as to accuracy, completeness, correctness, suitability or validity of any information contained in this guide/presentation/content/literature and will not be liable for any losses, injuries or damages arising from its use."

જનહિતમાં જારીકર્તા USV